રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની સફળ રજુઆત...
ફોરેન ટ્રેડ પોલીસી અન્વયે MEIS અંતર્ગત નિકાસકારોને મળવાપાત્ર લાભોની સમય મર્યાદા તા.૩૧-૦૧-૨૦૨૨ સુધી લંબાવવામાં આવેલ...

સરકારશ્રીની ફોરેન ટ્રેડ પોલીસી ૨૦૧૫-૨૦૨૦ અંતર્ગત નિકાસકારોને MEIS સ્કીમ હેઠળ વિવિધ લાભો મળવાપાત્ર થતા હતા. આવા લાભો તા.૩૧-૧૨-૨૦૨૦ પહેલા કરવામાં આવેલ નિકાસોને લાગુ પડતા હતા. પરંતુ કેટલાય નિકાસકારો સિસ્ટમમાં પ્રવર્તતી ક્ષતિના કરણે કલેઈમ કરી શકતા ન હતા. જેની રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટી દ્વારા સરકારશ્રીમાં રજુઆત કરવામાં આવેલ જે રજુઆતનો સ્વીકાર થયેલ છે અને નિકાસકારોને સદર સ્કીમ હેઠળ મળવાપાત્ર લાભો માટે સરકારશ્રી દ્વારા જારી કરાયેલ નોટીફીકેશન નં.૪૮/૨૦૧૫-૨૦ અન્વયે તા.૧-૭-૨૦૧૮ થી તા.૩૧-૧૨-૨૦૨૦ દરમ્યાન તમામ નિકાસ ઉપર લાભો મળવાપાત્ર થશે જે માટેના કલેઈમ રજુ કરવાની તા.૩૧-૦૧-૨૦૨૨ સુધીની સમય મર્યાદા વધારવામાં આવેલ છે.

સાથોસાથ જે નિકાસકારો દ્વારા શીપીંગ બીલમાં ભુલથી N સ્ટેટસ દર્શાવવામાં આવેલ હોય તેઓને પણ સદર સ્કીમનો લાભ મળવો જોઈએ તે માટે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા માંગણી મુકવામાં આવે છે. જેનો આવનારા ટુંક સમય સ્વીકાર થઈ શકશે તેવી આશા વ્યકત કરવામાં આવેલ છે. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.